# પ્રકરણ – ૩

# ‘ગલાલેંગ’ લોકમહાકાવ્ય તરીકે મૂલ્યાંકન

‘‘ગલાલેંગ’’ વીર રસાત્મક લોકમહાકાવ્યની હરોળમાં આવે છે. આ વીરકાવ્ય ૧૭ સર્ગોમાં વિભાજિત અને લગભગ ૧,૩૧૩ પંકિતઓનું બનેલું રસની દ્રષ્ટિએ આ વીરરસપ્રધાન કૃતિ છે. અંતની દ્રષ્ટિએ તે કરુણકાવ્ય (Tragedy) છે. વર્ણન, વિવરણ, દેશકાલ પરિસ્થિતિનું આલેખન, સંવાદ, ઐતિહાસિક પાત્રો પ્રસંગો અને ઘટનાઓ, ઐતિહાસિક કથાવસ્તુ તથા સંદેશ અને ઉદ્દેશ્ય લોકછંદમાં ગેય સંગીતાત્મકતા, યુદ્ધ, લગ્ન, શૌર્ય અને પરાક્રમના વર્ણનો, શૃંગારની છોળોમાં જીવનસંઘર્ષ અને અંદરો અંદર (અંતર્દ્વન્દ્વ) પરંપરાનુસાર મૌખિક ગાતા રહયા છે તેથી પરિવર્તન અને વધઘટ થવાની શકયતા રહેલી છે. પરંતુ તેના રૂપ અને તત્વમાં કોઈ ફકર નથી પડયો. ઐતિહાસિક વીર કાવ્ય, વિરકાવ્ય, ઐતિહાસિક લોકમહાકાવ્ય, શૌર્ય કાવ્ય, કરૂણકાવ્ય, જે કહો તે, પરંતુ તેમાં વીર–શૃંગાર–કરૂણ રસનો ત્રિવેણી સંગમ હોય છે.

ગલાલસિંહ વિક્રમ મધ્ય અઢારમી સદીમાં થઈ ગયો છે. મહારાણા જયસિંહના સમયમાં (વિ.સં ૧૭૩૭ થી ૧૭૫૬) અને ડુંગરપુરમાં રાવલ ‘‘રામેંગ’’ (રામસેંગ વિ.સં. ૧૭૫૯ થી વિ.સં. ૧૮૩૬) ના સમયની આ ઘટના છે. (ઈ.સ. ૧૭૦૩–૧૭૩૦) ઉદયપુરથી ૩૨ માઈલ દક્ષિણે આવેલ જયસમુદ્રના કિવા ઢેબરની નીંવ (પાયો) વિ.સં. ૧૭૪૪ માં અને તેની પ્રતિષ્ઠા વિ.સં. ૧૭૪૮ માં ઈતિહાસમાં ઉલ્લેખ છે. ઢેબરનું કામ લગભગ પુરૂ થવા આવ્યું ત્યારે ગલાલસેંગનો જઘડો થવાનું આ કથામાં વર્ણન છે. આ કથાનો રચયિતા ઠાકરડા નામનો જોગી અમરિયો છે ગલાલેંગ લોકમહાકાવ્યનો કથાનાયક ગલાલસેંગ પોતે છે. કથાના આદિ મધ્ય અને અંત એમ સમગ્ર કાવ્યમાં સમાયેલી આ વીર (ઉચ્ચ કથાનો ચરિત્ર નાયક) મુખ્ય પાત્ર છે. તેના નામે આ કાવ્ય ચાલે છે. વાગડમાં અર્જણ, ચૌહાણ, હામળદા, આબોભગત, હરવણ કાવકિયો (શ્રવણકુમાર) વગેરે જે તે નામવાળી વ્યકિતનું ચરિત્ર તથા આલેખન કોળ કૃતિનું શીર્ષક તે જ બને છે. આમ ગલાલેંગની વીરગાથામાં ગલાલસેંગ ચરિત્રના શૌર્યભર્યા ઉજજવલ પાસાને ઉજાગર કરે છે.

વાગડનો વીર ગલાલસિંહ જયાં જનમ્યો જીવ્યો અને મર્યો એ પ્રદેશના ઈતિહાસોમાં આ

કથાનાયકનો કયાંય ઉલ્લેખ નથી. કડાણાકાંડથી ગુજરાતની પ્રજા અપરિચિત છે ! સ્વતંત્ર અને સમ્યક ઐતિહાસિક શોધના અભાવમાં આ બલિદાની વીરની સાચી અને સમગ્ર જીવનકથા અને સમગ્ર આજપર્યત વિસ્મૃતિના ગર્તમાં ધૂળસરિત પડી રહેલ છે.

ગલાલસેંગના પિતા લાલસેંગ માતા પિયોલી અને નોનો ભાઈ ગુમાનસેંગ તેમના પિતા કલ્યાણગઢનો કિલ્લો જીત્યા અને મૃત્યુ પામ્યા તે સમયે માતા સાઠ વરસના વયે વૃદ્ધ હતા. ગૃહ કલેશના લીધે કુટુંબમાં વાદ–વિવાદ થયો તે સમયે ગલાલસેંગ ભરયુવાન અને (ફુટડો) જુવાન હતો. ભાઈ–ભાગિયાની આડોડાઈથી ઉશ્કેરાઈને ભાઈઓ. સાથે જઘડો કરવા તૈયાર થયો. પરંતુ તે સમયે મા પિયોલીની સમજાવટથી માની ગયો. અને પૂરગઢથી ભરીને મેવાડમાં પ્રથમ ચિતોડ થઈને ઉદયપુરમાં ઉતરી આવ્યો. ઉદયપુરમાં મહારાણા જયસિંહનું શાસન હતું. ઉદયપુરના બાગમાં મુકામ કર્યા પછી પોતે સવારી લઈને રાણાને મહેલે ગયો. ગલાલસેંગ ઘોડા પર બેઠા બેઠા રાણાને તલવારથી સલામ કરી. તેનો શૈફ (રુઆબ) જોતા રાણાજીને આવો નર ગમી ગયો. એમણે પચ્ચીસ હજારની જાગીર આપી ગલાલસેંગને પોતાનો ઉમરાવ બનાવ્યો. તેમને ખેરાડ ગામે મેડી માંડીને રહેવાની સલાહ આપી. ગલાલસેંગે જોડી માટે જગ્યા પસંદ કરી અને મુહુર્ત માટે ગોરજીને બોલાવ્યા. પોથી પતરા જોયા પછી ગોર મહારાજ કહે – પ્રથમ ગ્રાસે (કોળિયે) મશિતાપાત જેવું થયું. છતાં ગલાલેંગ નાસીપાસ થયા વગર ખુમારી દાખવે છે અને મેડીનું કામ શરુ કરાવે છે.

એક દિવસના સમયે વીરપોર ગામનો અમરા નામનો પટેલ ખેરાડ આવીને અરજ કરે છે કે મનિયોળના નાકે એક સુઅર છે. ગલાલ પોતાના સાથીદારોને લઈને સૂવરને મારવા મનિપોળના નાકે જઈ ચઢે છે. હાક સાંભળીને વીજળીની માફક ભાગી છૂટે છે. મદમસ્ત સૂવરનો પીછો કરતો ગલાલનો ઘોડો દાબડાથી ડુંગર ગજવી મૂકે છે. ટોળ મગરાની ઢોળાવ પર ચઢતાવેત તો ગલાલનો ઘોડો સૂવરને પકડી પાડે છે અને ગલાલ એક જાટકે તેનું કામ કરી નાખે છે.

સૂવરના શિકારની વાત સાંભળીને ખેડૂતો રાહતનો દમ લે છે. અને ગોટ (જમણ) ની લાલચથી રાજપૂતો રાજી થાય છે. ગેંગલ અને સરેડી ગામોના ભોઈ તેડાવીને એકકલને કાવેડમાં લાદીને વીરપોરના ચોરા માથે લઈ જાય છે. અને વીરપોરનો પટેલ અમરો ભોજનની સામગ્રી

તૈયાર કરે છે. ગલાલેંગ રાણાજીને નિમંત્રણ આપે છે. રાણો જયસિંહ ગોટ કબૂલ કરે છે અને રસાલા સાથે વીરપોર પધારે છે. અમીર ઉમરાવોથી ગામમાં મેળો જામી ગયો. અફીણ, કસુંબા, અને હુકકા તમાકુ ગગડવા મંડયા. પડિહારે સાદ પાડયો ભોજન તૈયાર થયું. માન—મોભા અને મર્તબા મુજબ સૌ બેસી ગયા અને જમણ પીરસાવા લાગ્યું. જમતાં જમતાં પાણીની બૂમ પાડી. સૂકો પ્રદેશ હોઈ પાણીના સાંસા હતા. રાણા જયસિંહે દૂર નાકે નજર નાંખીને કહયું કે આ નાકું બંધાય તો પાણીની સમસ્યા હલ થાય અને મેવલમાં જવ પાકે, અરધી વાગડ સહિત આખીય છપ્પન પાણીથી તરબોળ થઈ જાય.

અહીં ગલાલસિંહે રાણાજીની મજાક કરી કે આ નાકું સાત વાર બંધાયુ છે પરંતુ વેઠ—વાળુ કામ કદી ટકતું હશે ! રાણાએ જવાબ આપ્યો કે ઉદયપુરના ખજાના ખોલી રૂપિયા લઈ ખર્ચ કરીને પાકું કામ કરવો. એક એક મજૂરને બેવડૂં મહેનતાણું આપો.

ગલાસેંગ માળવામાં ઢેંગલ—હરેડી ગામથી કાળુ ઓડ તથા જશમા ઓડણીને બીજા ઓડો સાથે તેડાવે છે. તળાવ ખોદવા—બાંધવામાં ઓડ લોકો નિષ્ણાત હોય છે. નવલાખ ગધેડા લાદીને ઓડ લોકો તળાવ બાંધવા આવી પહોંચે છે.

વાંસવાડાના તલવાડા ગામના નાથુ સલાટને તેડાવયા છે. અને લોહરિયાની ખાણોમાંથી લોખંડ મંગાવાય છે. વધારે પડતું લોંખડ તથા સીસું રેડીને પાયો પુરાય છે. બરોડાની ખાણમાંથી પાકા પત્થર આવે છે. લોખંડ અને સીસાના પડ પૂરીને ચણતર કરવામાં આવે છે.

એક દિવસ ગલાલને સપનામાં ગોમતી અને ઝામરી નદી સાથે આવીઅને કહીયુ કે પાયામાં પુરૂષ રોપવા (નરબલિ) ની વાત કરી હૈયાટ—પિપળિયાં ગામનો ગૂંગોમાલ લવાયો અને તેના નામના તાંબાપાત્ર કોતરીને પછી તેને પાયામાં જીવતો ચણી દેવાયો. કામ અર્થે પહોંચતા ભેંસે ચરાવતો એક પટેલ મુખ્ય મિસ્ત્રી નાથૂ સલાટ પાસે આવીને માંગણી કરી કે ધરમના નામે મતવાળ જેટલો પાણીનો ધાર મૂકીને કામ કરો. નાથૂ સલાટે રોજનું એક લોટો દૂધની માગણી કરી, અને તે પ્રમાણે કામ કરવા કબૂલાત આપી. પરંતુ પટેલ તૈયાર ન થયો તેની નાથુ સલાટે એવું ચણતર કર્યુ કે ભર્યે ભાદરવે ધૂળ ઉડે.

વિ.સં. ૧૭૮૬ ના સમયમાં દરેક મજુરને રોજના બે કલદાર રૂપિયા દાનગી આપતી હતી. ગધેડાના મોરિયા સોનાના થયા અને હાંકવાની છિપિયા ચાંદીના બન્યા. ઓડ લોકો

માલમાલ થઈ ગયા ગલાલસેંગે ઓડ અને સલાટોને બોલાવીને કહયું કે ડેરાદીઠ મને એક રૂપીયો આપો જેગી રાજના તંબૂ (જે ફાટી ગયા છે) નવા કરાવી શકાય. લોકો તેના પ્રસ્તાવનો ઈન્કાર કર્યો.

અહીં ત્રણ દિવસનું તળાવનું કામ અધૂરું હતું. અને જઘડો થયો. ઉગ્ર સ્વભાવનો ગલાલ ઈન્કાર સહન કરી શકયો નહિ અને ઓડ તથા સલાટોને મારવા મંડયો. તેમાંથી કેટલાક લોકો ભાગીને રાણાજીને શરણે થયા. મહારાણાએ દીવાનના સોગન્દ દઈને ગલાલસેંગને મેવાડ છોડી જતા રહેવાનો આદેશ કર્યો. જોશીની વાણી સાચી પડી ખેરાડની મેડીમાં માંડ વરસ વાસ કર્યો. ત્યાં તો જતુ રહેવાનું થયું.

ગલાલનું કુંટુંબ ત્યાંથી સલુંબર ત્યાં ભેરસિંહનું રાજ હતું. ત્યાં ગલાલને રોકવા ઘણો આગ્રહ કર્યો. પણ મેવાડની હદમાં પાણી પણ ન પીવું પ્રતિજ્ઞા લીધેલ ગલાલસેંગ ડુંગરપુરની હદમાં આસપુર ગામમાં ધોળી વાવ પર મુકામ કર્યો. ભોજન કરી માના ઈચ્છા મુજન ગલાલનું લશ્કર ડુંગરપુર તરફ જાય છે.

ડુંગરપુર પહોંચીને ગેબસાગર તળાવની પાળે ગલાલે મુકામ કર્યો. સાત દિવસ અહીં થયા છતાં કોઈએ ખબર ન પૂછી તેથી નારાજ થઈ ગલાલે પનહારીના ઘાટ રોકી દીધા રાજમાં ફરિયાદ થઈ. તપાસ કરતાં સાળો ગલાલ મહેમાન આવ્યો છે તેમ જણાતાં સન્માનપૂર્વક ગલાલસેંગને રસાભા સાથે મહેલમાં લઈ જઈને પચાસ હજારની જાગીર આપીને માન–મતબો આપ્યો. સાગવાડે પાણું રાખીને ગલિયાકોટ ચોકી રાખવાની જવાબદારી સોંપીને પચલાસા થાણું રાખીને ગલિયાકોટ ચોકી રાખવાની જવાબદારી સોંપીને પચલાસા ગામે રહેવાની સલાહ આપી. (રાવળ રામસેંગ બનેવી થતા હતા. બેન જીવ અહીં પરણી હતી.)

ગલાલસેંગ જાગીર લઈને પચલાસા આવ્યો. જીવા પટેલની પાછલી બારીની જગ્યા મહેલ માટે પસંદ કરી તેથી જીવો પટેલ નારાજ થઈને ગામ છોડી જતો રહયો. પચલાસાથી જીવો પટેલ કુંવા ગામે ગયો. ત્યાંના મહારાજે તેને રોકયો. અને લાલજી પંડયોરનો પટો લઈને જીવા પટેલને આપી દીધો. આથી બાલજી પંડયો કુંવા છોડીને ચાલતો થયો અને કડાણા પહોંચી ગયો. કડાણાના રાજવી કાળુસિંહ તથા તેમના દીકરા અનુપસિંહે કુંવા ગામ ભાંગવાની શરત કરીને લાલજીને કડાણામાં પોતાની સેવામાં રોકી લીધો. 'ઘર ફૂટે ઘર જાય' તેમ લાલજી પડિહારે

કાળુ કડાણિયાને કુંવાની ગુપ્ત માહિતી આપતા જણાવ્યું કે ત્યાંનું રાવળુ સોન–ચાંદીથી ભરેલું છે. કડાણિયો ધનનો લોભી હતો. તેથી ચોમાસું વીત્યા પછી કુંવા પર આક્રમણની યોજના ઘડી કાઢી.

ડુંગરપુરમાં દશેરાની સવારી નીકળતી તેમાં બધાં જ જાગીરદારી હાજર રહેતા કુંઆના ઠાકુર (રાજવી) હતુ મહારાજ (સરદાર સિંહ) પણ ડુંગરપુર ગયા. તેમની ગેરહાજરીની ભાળ મેળવીને કડાણિયાએ કુંઆ પર કૂચ બોલી દીધી. ખાંટ ખેમજી અને મનિયો ડામોર બે વફાદાર ચોકીદાર હતા. રાવળાની રખવાળી કરતા હતા. પરમાર મહેમાન આવ્યા છે એમ માનીને તંબૂમાં ઉતારો આપ્યો ચલમ લઈને ચોકીદાર તંબુમાં ગયા તો કદી બહાર ન નીકળી શકયા ! કપટતી કામ લઈને કાળુસિંહે બંને ચોકીદારોને મારી નાખ્યા પછી રાત્રે રાવળા પર હુમલો કરી લૂંટફાટને આગ લગાડીને માલમતો લઈને રવાના થઈ ગયા. રાજમાતાને આઘાત લાગ્યો.

હતુ મહારાજની માતાએ ખૂનથી કાગળ લખીને ડુંગરપર મોકલ્યો કે કડાણા ભાંગીને પછી ઘેર પાછા ફરજો નહિતર બાવા બનીને ઊઠી જજો અને અહીં મો ન બતાવશો. ભરી કચેરીમાં પત્ર પહોંચ્યો અને બધા જ ઉમરાવો વચ્ચે વંચાયો. પત્રની વિગત જાણીને બધા ક્ષત્રિયો રોષે ભભુકી ઉઠયા. ગલાલસિંહનો ગુસ્સો તો જોવા જેવો બની ગયો. રોષમાં તેણે જાજમ પર હાથ પટકયો તે જાજમના સાત પડ એક સાથે ટૂટી ગયા ! તેણે ગર્જના કરી કે કડણાનો જઘડો મારા માટે મામુલી છે.

ડુંગરપુરના રાવળ રામસિંહની આજ્ઞા લઈને ગલાલસિંહ પચલાસા પાછો ફર્યો તો તેને સાંજે–ચાંદરવાડા ગામથી પરણવાના માંગા રૂપે બે નારિયલ એક સાથે પ્રાપ્ત થયા. રાણી જાલી અને રાણી મેણતણીના માંગા હતાં.

એક બાજુ કડાણા યુદ્ધમાં જવાનું રણ નિમંત્રણ અને બીજી બાજુ પરણવાનો પ્રસ્તાવ તેને ચિંતા થઈ. પરણવા માટે માતાની આજ્ઞા માંગી પરંતુ માતા તેની વાત માન્ય ન રાખવા તેને ન કહેવાના શબ્દો ઉચ્ચારે છે.

રાણી જાલીના રૂપ અને ગુણોની ચર્ચા ગલાલના કાને પહોંચેલી હતી અને મનોમન તે તેને પરણવાનું સ્વપ્ન પણ સેવતો હતો. આજે અવસર આવ્યો તે પોતાનો લોભ રોકી શકયો નહિ અને માતાની ઈચ્છા ન હોવા છતાં શ્રીફળ સ્વીકારી લીધા.

ડુંગરપુર જઈને બેનવી સાહેબની આજ્ઞા મેળવવી પણ જરૂરી હતી તેથી કાકાજીના કુંવર વખતસિંહ(વકતો) સાથે પોતે ડુંગરપુર ગયા. રસ્તામાં ખેડા કચવાસા ગામે દાંતોણિયાની વાવ પર ગલાલે પોતાનો ઘોડો કૂદાવ્યો અને ઘોડાના તેજની પરીક્ષા કરી લીધી કે આ ઘોડો કડાણાનો કોટ કૂદ શકશે !

ડુંગરપુર પહોંચીને મહારાજાને મુજરો (સલામ) કર્યો. હળદીના છાંટણા જોઈને મહારાજાએ મેંણાટોણાં માર્યા.

ગલાલસેંગે પરણવાની મંજુરી માંગી. રાવણજીએ નવ દિવસની રજા આપી અને દસમે દિવસે યુદ્ધમાં હાજર થવાની આજ્ઞા કરી અને જણાવ્યું દસમે હાજર નહિ થાઓ તો વગર કહીયે મારી રિયાસત છોડીને ચાલ્યા જજો.

જાન પચલાસાથી રવાના થઈ મહીસાગર નદીના કિનારે આવી તો માવઠાના લીધે નદી બે ઢાળમાં વહેતી હતી ! સામે પાર કેમ જવું તે પ્રશ્ન હતો એક પછી એક દિવસ ઓછો થતો હતો. પાર કેમ જવું તે પ્રશ્ન હતો એક પછી એક દિવસ ઓછો થતો હતો. આખડી બાધા કરીને ગામ મેતવાલે પહોચ્યા. મેતવાક્ષાની મહેંદી મશહૂર હતી. ઘોડાના પૂંછડા રંગાવ્યા અને ત્યાંથી અરથૂણા આવી પહોંચ્યા. ત્યાં હનુમાન ઘણા પ્રસિદ્ધ હતા તેથી પ્રાર્થના કરી અને હનુમાન ને રસ્તો કરાવ્યો.

અરથૂણાથી આગળ વધીને જાન ઝાકોલના આરે આવી પહોંચી પરંતુ અણતનદીમાં પાણીના પૂર આવેલા હતાં ડગલે પગલે પરેશાની નડે છે નવમાંથી અર્ધા દિવસ વીતી ગયા ને સામે મંજિલ મોટી હતી. ગલાલસેંગ (મહી નદી) માતાને અરજ કરી દે 'હે દેવી તેલ (પીઠી) ચઢી કન્યા રહી જાય તો તને પાપ લાગશે માટે જટ રસ્તો કરી આપ. પ્રાર્થનાથી પાણી સડસડાટ ઓસરી ગયું અને જાન સામે કાઠે પાર ઉતરી. પાછા વાળીને જોયું તો નદી પૂર્વવત્ બે કાઠામાં વહી રહી હતી.

સાંજે ચાદરવાડ ગામે પહોંચી જાનવાસો કર્યો અને બીજા દિવસે વહેલા લગ્ન મંડપમાં જતાં લોકો મલાલના રૂપ પર મુગ્ધ બની લગ્નોત્સવ માણવા લાગ્યા. દરબાર ગઢના ગોખમાંથી નવવધૂ પોતાના પ્રિયતમને જાઈને ધન્યતા અનુભવવા લાગી.

તોરણ વદીને ગલાલેંગ મંડપમાં આવ્યા ત્યા તો સામી છાતીએ છીંક થઈ. અપશુકન

જોઈ વખતસિંહ ને કહયું – લગ્ન મંડપમાં પાંચ ફેરા ફરતે ગલાલને કડાણા યાદ આવ્યું તે કહેવા લાગ્યો કે રાણી સાથે ફેરા ફરુ છું પણ મારો જીવ કંડાણે ગયો છે. લાલ ગલાલના શબ્દો સાંભળીને સાસુને ચિંતા થઈ અને ધીરે રહીને બોલી ઉઠયાં – ગલાલ ધીરજ ધરો સાતે મંગલ પૂરો કરો.

લગ્ન વિધિ પૂરી કરીને ગલાલ સીધો યુદ્ધમાં જવા તત્પર થયો પરંતુ ગ્રહયોગ સારો ન હોવાથી ગોર મહારાજના કહેવાથી પોતે પચલાસા જઈ મોડ મીંઢળ છોડીને જવા કબુલ થયો. આજથી પચલાસા પહોંચતા રાત પડી ગઈ. જાનનો મુકામ સબળસેંગ કાકાને ત્યાં કર્યો.

બીજી બાજુ મહારાવળજીની ફોજ યુદ્ધ માટે કડાણા તરફ પ્રયાણ કરી ચુકી હતી આંતરી અને ઓબરી કેચાં થઈને ફોજ મેતંન પાડલે જઈ પહોંચી. નાગરિયા તળાવની પાળે મહારાજાની ફોજનો મુકામ થયો.

મઢુઓલના કાકા કલણદા દરબારના કાન ભરવા લાગ્યા કે અમો એક એક ગામના નાના નાના ઠાકોર આપની સાથે મરવા નીકળી પડીએ છીએ જયારે આપના સાળા પચાસ હજારનો પટો આરોગનાર આવા વખતે લગ્ન માણવામાં મશગૂલ છે. આ વાત મહારાવળને સ્પર્શી ગઈ. તેમણે ગલાલની જાગીર ખારિજ કરવાની પાડલાના પરબુ મહેતા સાથે ગલાલને દેશવટાનો કાગળ મોકલાવે છે.

ગલાલસેંગ ખબર પડતાની સાથે જ મીંઢોળ છોડવાનું મુહર્તૂ મંગાવ્યું. માતા પિયોલીએ ગોર મહારાજને ધમકી આપી હતી તેથી તેણે કહયું દસ દિવસ સુધી કોઈ મુહૂર્ત આવતું જ નથી. ગલાલનું દિલ વ્યાધીથી ભરાઈ ગયું. તે રાણીઓને કહેવા લાગ્યો કે મોડ–મીંઢળ છોડવાનો વખત નથી. રાણીઓ મારા મરણના સમાચાર સાંભળી તળાવની પાળે ચુંડલા ફોડશે ? અને હું કડાણે કામ આવીશ ત્યારે આપોઆપ મીંઢળ છૂટી જશે ! આમ મીંઢણબંધો ગલાલ વરરાજાના વેશમાં જ ઘોડા બખ્તર ભીડીને ગલાલેંગ સાથીઓ સાથે રણવાટે રવાના થાય છે.

ઘોડાને નાળ જડાવીને ગલાલેંગ વામસાની વાટે થઈને પાદરડી આવી પહોંચે છે. નગારાના ડંકા દેતી ફોજ યુદ્ધ મોરચે જઈ રહી છે. વાગડમાં લોકો શું થશે તેની વિમાસણમાં છે. બધાને ગલાલ પ્રત્યે પ્રેમ છે. મોડ અને મીંઢળ સહિત વરરાજાના વેશમાં રણવાટે ગલાલને જતો જોઈને પાદરડીના માવા પટેલની પત્નીનું દિલ ભરાઈ આવે છે. તે વિચારે છે કે આવા ફૂટડા

યુવાનને મા કે બહેને વધાવ્યો નથી. અને વરરાજાના વેશમાં કડાણે ચડાઈ કરવા જઈ રહયો છે. સ્ત્રીઓમાં પતિની રજા મેળવીને ગલાલને વધાવી લે છે – ગલાલેંગ ઘોડા ઉપરથી ઉતરીને બહેનને બાથભીડીને મળે છે.

વિધિની વક્રતા અને વિચિત્રતા નહિ તો બીજુ શું ? જે થવું જોઈએ તે નથી થતું અને ન થવાનું થઈ જાય છે. જગતની લીલા તો અનોખી છે ! સંસાર તો કઠપુતલીનો તમાશો છે ! ઈશ્વર કંઈક જુદુ જ વિચારીને બેઠો હોય તેનું ગલાલરોંગને અહેસાસ થાય છે.

જયાં જયાંથી ફોજ જાય છે. ત્યાં ત્યાં લોકો ગલાલને જોવા ઉમટી પડે છે આખી જનતા–ગલાલના વખાણ કરે છે, આંસુ વહાવે છે. પાદરડીના માવા પટેલને એકની એક રૂપરૂપનો અંબાર એવી રૂપ નામની દીકરી હતી. આજે પૂનમ હોય તે મહીસાગર નહાવા ગઈ હતી. પાછા ફરતાં ખબર પડી કે ગલાલેંગ આવી રહયો છે તેથી દોડતી દોડતી ઘેર આવી. ગામના ચોરે ગલાલનું મોલ (દરિખાનું) બેઠું હતું. પોતાના–પિતા તથા માતા સાથે ગલાલને વાતો કરતો જોઈ રૂપ પણ તેની પાસે ગઈ. રૂપને જોઈને ગલાલને રાણીઓ યાદ આવી ગઈ, ગંભીર ગલાલને ‘‘મામા’’ સંબધોન કરીને રૂપ વાતે વાળે છે. આજે પૂનમ છે તેની યાદ આવે છે. ગલાલ વધુ ગંભીર બને છે. (ક્ષત્રિયને પુનમ વાલી હોય છે, પત્નીને પૂનમે મળવાનું ચૂકતો નથી) અહીં તો ઉલ્ટાનું પૂનમેં જૂદા થવું પડે છે. કેટલા અરમાનથી ગલાલેંગ રાણી જાલી સાથે લગ્ન કર્યુ હતું પરંતુ કિસ્મતની બહિલારી કે રાણીઓને રોતી રજળતી મૂકીને રણવાટે રવાના થવું પડયું. નારીની વેદના નારી ન જાણે તો પછી પરમાત્મા પણ નહિ જાણી શકે. રૂપ વાતનો સાર સમજી જાય છે. રૂપની આગ્રહભરી વિનંતી અને કસમને માન આપીને ગલાલેંગ ફોજને સાગવાડા તરફ રવાના કરીને પાછો પચલાસા તરફ વળે છે.

પાછા ફરતા રાત થઈ ગઈ હતી. રાણી જાલી તો ઊંઘી ગયા હતા પરંતુ રાણી મેંણતણિ હજી જાગતા હતા. ઘાટીમાંથી ઘોડાના દાબડા સાંભળીને ચોંકી ઉઠી હોય ન હોય માણિયાર પાછા પધારે છે. તેમ માનીને હર્ષ વિભોર બની ઊઠીને દોડીને જાલીને જગાડવા લાગી–ઠકરાળા નું નામ સાંભળીને જાલિ ભટકે ઉઠી બેડી અને બંને બહેનો સુહાગરાતની તૈયારી કરવા લાગી – રાણીઓ રાહ જુએ છે પરંતુ માં પિયોલીને ખબર પડી ગઈ ! લાકડીને ટેકો લઈને તેઓ મેડીમાં આવી પહોંચ્યા. ઝપાટા મારીને દીવા ઓલવી, કંસુબા ઢોળી નાખ્યા અને સેજ ઉલટાવી દીધી

હડસેલા મારી બંને બહેનોને કોઠરીમાં પૂરી દઈને તાળા લગાવી દીધા.

ગલાલેંગ પાછો આવ્યો છે એમ જાણીને મા પિયોલી છાતી કુટવા લાગી. હજી તો ઘોડા પરથી પલાણ પણ ન્હોતું ઉતાર્યુ ત્યાં તો માતાએ મરસિયા ગાવા શરું કરી દીધાં. આમ મેણાટોળાને સોગન દઈને માતાએ ગલાલને વળતે પગલે પાછો ફરવા મજબૂર કર્યો અને નવપરિણિત પતિ–પત્ની વચ્ચે ભવોભવના વિયોગ કરાવ્યા.

અહીં માતા ગલાલેંગની અમર કીર્તિ જોવા માગતી હતી. ગલાલ જો રાણીઓ સાથે રહી જાય તો યુદ્ધમાં જવાનું ટળી જાય. આવા ડરથી માતા ગલાલને પત્ની–મુખ જોવા દેવા નથી માંગતી જેથી ગમે તેમ કરીને પણ રણવાટે મોકલવાના સંપૂર્ણ પ્રયાસો કરે છે. છેલ્લીવાર રૂપ ભાણેજના સોગન પાળીને પચલાસેથી પાછો ફરનાર ગલાલેંગ હવે સંપૂર્ણ નિરાશ થઈને મરણોન્મત બનીને રણવાટે રવાના થાય છે.

માતા કાળકાનું સ્મરણ કરી ગલાલસેંગ અને વખતસેંગ બંને આગળ ધપાવે છે. ત્યાં તો ઘણા અપશકુન થાય છે. ગલાલને હવે લાગવા લાગ્યું કે અપશુકન કે શુકનથી ક્ષત્રિય બચ્ચો કદી કાળથી પણ ડરતો નથી તે તો ભાલાથી પેટ ભરવા માટે જ અવતાર લે છે. સાગવાડાથી ઘોડા દોડાવતા સોબરીડેચાં આવી ગયા. પાણિહારીને પૂછતાં થતો, લાગ્યો કે મહારાજાની ફોજ મેતને પાડલે પહોંચી ગઈ ગલાલના ઘોડા પાછળ પડયે જાય છે પાડલે પહોચ્યા તો પતો લાગ્યો કે કાલે અહીં નાગરિયા તળાવની પાળે મુકામ હતો પરંતુ આજે ફોજ આગળ વધી ગઈ છે. પાડલાના પરબુ મહેતાએ ખબર આપી કે મહારાજાની ફોજ કાલે અહીં હતી પરંતુ આજે પીઠ–ધબોળા પહોંચી ગઈ છે. ગલાલે ઘોડા દોડાવ્યો રાખ્યો પરંતુ પીઠમાં ખબર પડી કે ફોજ તો 'કોટ–કરેટે' મુકામ કરીને પડી છે. દોડતી ફોજ અને દીધે નગારે ગલાલના સૈનિકો ત્યાં પહોંચે છે. કરગસિયા તળાવની પાળે રાવળજીના નેજા ફરકી રહયા હતા.

મારતે ઘોડે આવેલા ગલાલને બનેવીનું મેણું સહન કરવું પડે છે. પણ તે એક શૂરવીર હતો પોતાના ભાઈ વખતસેંગનો સાથ લઈ કડાણા પર ચડાઈ કરવા આવી ચઢે છે. કાળ રાત્રિના અંધકારમાં ગલાલેંગ અને તેના સાથીઓ મહીસાગરમાં પરોઢિયે પાણી ખખડવાનો અવાજ આવ્યો. કડાણિયાની સ્ત્રીઓ અંધારામાં પાણી ભરતી હતી. કરાણ ગલાલના આવવાનો ભય હતો તે સામે જ આવીને ઊભો છે. સાત છોકરીઓ પાણી ભરતી હતી તેમને ગલાલે ઘેરી

લીધી. વિશ્વાસમાં લઈ કડાણાના ધનમાલની વિગત પૂછીને પછી સાતેયને મહી માતામાં પધરાવી દીધી.

સાત કન્યાઓનો ભોગ આપીને લાબંના મઠે જઈ બધું ધન કબજે કર્યુ. અમગર બાબો તથા ધમગર બાબો બે બડા ગુરૂના ચેલા હતા. ધુણીમાં ધન છુપાવીને બેઠા હતા. ત્યાં જઈને ગલાલ પાણી માંગે છે. જેવું પાણી આપતાની સાથે જ ધુણીઓ ઠંડી કરાવી ધન પર કબજો મેળવે છે. અને સાત સાંઢ (ઉંટ) ભરીને વાગડામાં રવાના કરે છે. આ બધું નજરે જોતો ચોકીદાર ભૈરો ચાકર મઠ કુદીને ભાગી છૂટયો. ગલાલની લલકારથી વખતસીંગની ગોળીથી, કડાણાનો કોટ ચઢતાં ભૈસે ચાકરના રામ રમી ગયા. આ તરફ કડાણમાં સમાચાર મળતાની સાથે ભાગદોડ થઈ જાય છે.

અહીં ગલાલસેંગ બાવાનો મઠ ભાંગીને ધન મેળવી લઈને વાગડમાં રવાના કરી દીધું. હવે કડાણા અને કડાણિયાની વારી હતી. કડંગધી નગારા દેતો વીર ગલાલ કડાણાનો જાપે આવી ગયો. ચારે બાજુથી ગામને ઘેરી લીધું અને ઘર–ઘરમાં આગ લગાડી દીધી. ગલાલ પોતે અગ્નિદેવીની માફક ઉગ્રરૂપ ધારણ કરીને ફરી રહયો હતો. કાળુસિંહ તથા અનૂપસિંહ ; બાપ બેટાએ બંનેનો મુકાબલો કર્યો, તીર, તલવાર, ભાલા અને બંદૂકોના ભડાકા થયા, ધમસાણ યુદ્ધ થયું. કડાણાના ચોરા સુધી આવતામાં ગલાલસેંગનો નંગારસી ગોદિયો મરણશરણ થયો. વખતસેંગ પણ ઘાયલ થયો પરંતુ તેણે જુસ્સો જાણવી રાખ્યો. ગામ વચ્ચે આવતાં સુધી તેને બત્રીસ ઘાવ અને એકવીસ ગોળિઓ વાગી ચૂકી હતી. કડાણાની ડઘેઢી ચઢતાં વકતો પડી ગયો અને તેના પ્રાણ ગલાલ અને લીલાઘરને એકલાં મૂકીને ઉડી ગયા.

કાકાના દીકરા માટે કુંવારો રહીને કુરબાની આપનાર વખતસિંહ જેવો વીર ઈતિહાસમાં થયો હોવાની શંકા છે. રામ માટે લક્ષ્મણે જે કાંઈ કર્યુ તેનાથી પણ સવિશેષ બલિદાન ગલાલ ખાતર વકતાનું છે. અહીં લડતો લડતો ગલાલ સેંગ મહેલ પર આવી ચડયો. કડાણિયાએ કિલ્લાના દ્વારા બંધ કરીને અંદરથી તાળા મારી દીધા. બાપ અને દીકરો બંને કોટની અંદર મહેલના ભોંયરામાં ભરાઈ ગયા !

ગલાલસિંહનો ઘોડો લીલાધાર ઘણો સમજદાર હતો. પોતાના માલિકનો સંપૂર્ણ વફાદાર તેણે સાતવાર ઘોડાને આમ તેમ ઘુમાવ્યો પરંતુ ભીતર પ્રવેશનું કોઈ પગેરું ન મળ્યું. કડાણા ગામ તો હવે ધૂળમાં મળી ગયું હતું પરંતુ દુશ્મન બાકી હતો.

ગલાલે ઘોડાને થોડે દૂર લઈ જઈ લાડપ્યારથી બુચકારીને લગામા ઢીલી મૂકીને તીખો તાજણો એવો તો ફટકાર્યો કે ઘોડો જાણે પાંખ વગર ઉડયો હોય તેમ કોટ કૂદીને કિલ્લાના પ્રાગણમાં આવી પડયો. અહીં કાચા મોતી પાથરી રાખ્યા હતા, ઘોડાના પગ જમીનને ચડયા કે લપસી પડયા અને ઘોડો પણ ઘાયલ થઈ ગયો. ગલાલનો એક માત્ર સાથી લીલાધાર પણ હવે નકામો બની ગયો. ગલાલસિંહ ઘોડા પરથી ઉતરી પડયો. અને ઘોડાને ગળે વળગીને વહાલ કરવા લાગ્યો. જિંદગીની લડાઈ જેના સહારે લડી હતી તે પ્રાણી કેટલું વફાદાર હતું. તેનો પાડ માનતો ગલાલ રહી પડયો.

ગલાલસિંહે દુ:ખથી મુકત કરવા તલવારના એક જ ઝાટકે લીલાધાર ઘોડાની લીલા સમાપ્ત કરી દીધી. હવે માત્ર તે પોતે કડાણ મહેલની રાય આંગણમાં ઊભો રહી કેળોના ગર્ભ કાપવા માંડયો, ઝનૂન ચઢી ગયું હતું, હા ભાઈ માર્યો, ઘોડો મર્યો, સગી સાથી બધા સમાપ્ત થયા હવે યા હોમ કરીને ઊભો હતો !

કાળુસિંહ તથા અનૂપસિંહ તો સંતાઈ ગયા પરંતુ ફૂલકુંવરી ગલાલના રૂપ અને શૌર્ય પર મોહિત થઈ ગઈ. તે કહેવા લાગી –

''નતિ ગલાલેંગ લડવા આવ્યો ફૂલને પણવા આવ્યો જિપ''

ગલાલને ચોકમાં ઊભેલો જોઈને કડાણી પોતાના પતિને કહેવા લાગી – કે કહેતા હતા કે ગલાલેંગ આવે કડાણે તો કુતરાને મોતે મારૂ, શૂરવીર હોય તે આમ સંતાપે કેમ ચાલે, પોતાની પત્નીના મેણાટોણા સાંભળીને કાળુસિંહને રીસ ચઢી. તેણે પોતાની તોડાદાર ઊઠાવી અને ગલાલેંગની છાતીનું નિશાન તાકીને ગોળી મારી દીધી. ઘાયલ ગલાલ રામનું નામ લે છે.

બાપની બદમાશી જોઈને ફૂલને માઠું લાગ્યું. તે લોકલાજ નેવે મૂકીને દોડી પડી ગલાલની તલવારને પકડીને પાંચ ફેરા ફરી ગઈ રૂપાળી ફૂલને ફેરા ફરતી જોઈને ગલાલેંગ કહે છે.

''ઘડિ પલકના પામણારે તારુ ખોળિયુ અભડાવ્યું જિયં

કુવારી કન્યાને વોર ઘણા પરણિને પરાસન લાગે જિયં''

ગલાલના મીઠાં બોલ સાંભળીને ફૂલ પ્રેમથી જવાબ આપે છે.

''નતિ દિકય ઘોરને બાર મેં રૂપને ફેરા ફરિ જિયં

ભવોભવો મને ભરતાર મલો તો બાપ લાલેંગનો જાયોજિયં''

ગલાલનું માથુ પોતાના ખોળામાં મૂકીને મરણાસન ગલાલને વ્હાલ કહે છે તેટલામાં બંને શત્રુ પાસે આવે છે મર્યા પછી તો ભંગી લૂટે આપણે વેરીને જીવતો લૂંટી લઈએ એમ કરીને નજીક આવે છે ત્યાં ગલાલનો જીવ જબકીને પાછો આવે છે અને સરડ કરીને કરે તે પહેલાં પૂરી તાકાતથી એવો જાટકો માર્યો કે બાપ અને બેટા બંનેના  માથા ઘડથી જૂદા પડી ગયા !  હવે ગલાલને ટાઢક વળી અને ફૂલના ફૂલ જેવા સુંદર ચહેરા પર છેલ્લું સ્મિત વેરીને વીર સદાય માટે પોઢી ગયો.

કડાણે ખેલ ખતમ થયો, વર કન્યા પણ પરણી ગયા અને મહારાવળ રામસેંગની ફોજ બહાદુરી બતાવવા આવી પહોંચી ગલાલેંગનું શબ દેખીને દરબાર તો રોવા લાગ્યા, પરંતુ હવે શું થાય – સમગ્ર રાગ દ્વેષ અને વૈરભાવ અર્થહીન થઈ ગયા હતા, લોકોની કાન ભંભેરણીમાં આવીને રાવળજીને પોતાનો વીર સાળો ગુમાવી દીધો હતો.

ગલાલનું ધડ લઈને ફૂલ સતી થવા તૈયાર થઈ. તેણીએ મહારાજને કહયું કે ડુંગરપુર જતાં પહેલાં મારા પતિની પ્રશસ્તિ રૂપે કવિતા કરાવો ઠાકરડા ગામામાં જોગી અમરિયો છે તે આ કવિતા જોડી આપશે.

ગલાલસેંગની પાઘડી લઈને એક સવાર પચલાસા રવાના થયો. આ બાજુ સાસુ–વહુ વાતો કરતા હતા. વહુને સ્વપ્ન આવ્યું હતું કે સતી થવાનો પ્રસંગ આવ્યો છે ? વાતો થાય છે ત્યાતો ગલાલની પાઘ આવી પહોંચી ! હાય તોબા મચી ગઈ, દુનિયા (લોક) પ્રાણ પ્યારો, લોક લાડીલો ગલાલ હતો ન થઈ ગયો ! કરુણ અને રૂદનથી માતમ મચી ગયું.

ગમેનિયા તળાવની પાળે રાણી જાલિ તથા રાણી મેણતણિ સતી થવા જાય છે જાણે પરણીને આના માટે જ અહીં આવી હોય પતિની પાઘડી લઈને બંને બહેનો સતી થઈ ગઈ.

## ઉદ્દેશ્ય :

ગલાલેંગ રૂપ, શૌર્ય, ત્યાગ, ઉદારતા, આદર્શ, કર્તવ્યપાલન અને જવામર્દી બલિદાનનું પ્રતીક, ભાવના, સંવેદન અને પીડાનો આવો સુભગ યોગ જવલ્લેજ જોવા મળે ઐતિહાસિક, સામાજિક અને સાંસ્કૃતિ યશગાથા સાચવી રાખનાર આ વીરકાવ્ય અને તેનો રચયિતા અભણ તેની અમરિયો પણ અભિવાદન અને બિરદાવવાને પાત્ર છે.

ગલાલેંગની કરુણગાથા તો મોત નહિ પરંતુ જિંદગીનું માતમ છે.

# સંદર્ભ સૂચી


**૧.** ગલાલેંગ મહાકાવ્ય : સં. ડો. એલ. ડી. જોષી પૃ.૨૩,૨૪,૨૭,૨૯

**૨.** વનસ્વર : ડો. બળવંત જાની પૃ.૧૮,૧૯,૨૧,૨૩,૨૪

**૩.** લોક ગુજરી, અંક–૧૯ પૃ.૧૭,૨૦,૨૨